
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૧૦ ૧૦ ઓક્ટોબર, ૨૦૨૨, સોમવાર; આસો વદ - ૧ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦




# મોઢેરા દેશનું સૌપ્રથમ સોલાર પાવર વિલેજ : મોદી

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મોઢેરા સૂર્યગ્રામનું લોકાર્પણ કરવામાં આવ્યું : મહેસાણાને ૩૦૯૨ કરોડના વિકાસ કાર્યોની ભેટ આપી : વડાપ્રધાને મોઢેરામાં 3-ડી લાઈટિંગ શોનો પ્રારંભ કરાવ્યો : દુનિયામાં સોલાર એનર્જીની વાત થશે, ત્યારે સહુના મુખે મોઢેરા પહેલુ નામ હશે, કારણે કે મોઢેરા સોલાર પાવર વિલેજ બનનાર સૌપ્રથમ ગામ છે : મોદી



મહેસાણા, તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતે આવી પહોંચ્યા હતા. તેઓ સાંજે અમદાવાદ એરપોર્ટ આવી પહોંચ્યા હતા ત્યારે રાજયપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ તેમજ અમદાવાદના મેયર કિરીટ પરમારે તેમનું એરપોર્ટ પર અભિવાદન કર્યુ હતુ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત આવ્યા બાદ ૪૫ મિનિટ સુધી એરપોર્ટમાં રોકાયા હતા. તેમણે ગુજસેલ બિલ્ડિંગમાં અડધો કલાક સુધી મિટિંગ કરી હતી. તેમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત ગુજરાતના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવેલા પીએમ મોદીએ તેમના પ્રવાસના પ્રથમ દિવસે આજે દેશના સૌ પ્રથમ સોલાર વિલેજ મોઢેરાનું લોકાર્પણ કર્યુ છે. તેમજ તેમણે મહેસાણા જિલ્લાને પણ ૩૦૯૨ કરોડના વિકાસ કાર્યોની ભેટ આપી છે. આ લોકાર્પણ કાર્યક્રમ બાદ જનમેદનીને સંબોધતા પીએમ મોદીએ જણાવ્યું કે, સોલર વિલેજ બનવાથી લોકોને વીજળીના બિલથી છૂટકારો મળશે. પહેલા હોર્સ પાવર માટે આંદોલનો કરવા પડતા હતા તેમાં હવે સોલાર પાઈપ લાઈન નાખી દેતા સમગ્ર ચિત્ર બદલી નાખ્યો. સરકાર લાખો સોલાર પંપ વિસ્તરીત કરી રહી છે. ખેડૂતોની જરૂરત પ્રમાણે સૌર ઊર્જાથી ચાલતા પંપ બનાવીએ.જ્યારે પણ દુનિયામાં સોલાર એનર્જીની વાત થશે, ત્યારે સહુના મુખે મોઢેરા પહેલુ નામ હશે. કારણે કે મોઢેરા સોલાર પાવર વિલેજ બનનાર સૌપ્રથમ ગામ છે. ૨૧મી સદીના આત્મનિર્ભર ભારત માટે આપણે આપણી ઊર્જાને જરૂરત સાથે જોડાય તેવા જ પ્રયાસ કરવાના છે. પીએમ મોદીએ કહ્યું કે, આજે મોઢેરા માટે મહેસાણા માટે અને સમગ્ર ઉત્તર ગુજરાત માટે વિકાસની નવી ઊર્જાનો સંચાર થયો છે. વીજળી પાણી થી લઈ રોડ,

● અનુસંધાન પાન-૭ પર

## મોદીએ કુળદેવી મોઢેશ્વરી માતાજીની પુજા અર્ચના કરી



મહેસાણા, તા.૯

પીએમ મોદી આજથી ત્રણ દિવસ માટે ગુજરાત પ્રવાસે આવી પહોંચ્યા છે. મહેસાણા જિલ્લાના મોઢેરા પહોંચેલા પીએમ મોદીનું ભાવભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. મોઢેરામાં લોકોને સંબોધ્યા બાદ પ્રધાનમંત્રી મોદીનો સૂર્યમંદિરથી મોઢેશ્વરી માતાના મંદિર સુધી રોડ શો કર્યો હતો. પીએમ મોદી પોતાના કુળદેવી મોઢેશ્વરી માતાના મંદિરે પહોંચ્યા છે. જ્યાં પીએમ મોદીએ મોઢેશ્વરી માતાના દર્શન કરી પુજા- અર્ચના અને આરતી ઉતારી હતી.

વર્ષ ૨૦૦૩માં નરેન્દ્ર મોદી સીએમ હતા તે સમયે પ્રથમ વાર અહી દર્શન કરવા આવ્યા હતા. હવે બીજી વખત પીએમ મોદી કુળદેવીનાં દર્શને પહોંચ્યા હતા.

## આજથી વર્ષ ૨૦૨૩-૨૪ માટે બજેટની કવાયત આરંભાશે

### મોદી ૨.૦ સરકાર અને નાણામંત્રી સીતારમણનું આ પાંચમું બજેટ હશે : આગામી નાણાકીય વર્ષ માટે સરકારનું વાર્ષિક બજેટ સુસ્ત વૈશ્વિક દૃષ્ટિકોણ વચ્ચે વૃદ્ધિને વેગ આપવાનાં પગલાંઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે

નવી દિલ્હી, તા.૯

બજેટ પ્રક્રિયાની શરૂઆત વિવિધ મંત્રાલયો અને વિભાગો સાથેનું વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેના સંશોધિત અંદાજ અને ૨૦૨૩-૨૪ માટે ભંડોળની જરૂરિયાત પર વિચાર-વિમર્શ સાથે શરૂ થશે.

સોમવારે પહેલા દિવસે પર્યાવરણ, વન અને જલવાયુ પરિવર્તન મંત્રાલય, શ્રમ અને રોજગાર મંત્રાલય, સૂચના અને પ્રસારણ મંત્રાલય, આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય અને યુવા બાબતો અને રમતગમત મંત્રાલય સાથે સુધારેલા અંદાજો પર બેઠક યોજાશે. વર્તમાન નાણાકીય વર્ષ માટેના સુધારેલા અંદાજો અને ૨૦૨૩-૨૪ માટેના અંદાજપત્ર પરની મોટાભાગની બેઠકોની અધ્યક્ષતા નાણાં સચિવ અને ખર્ચ સચિવ દ્વારા કરવામાં આવશે.

નાણા મંત્રાલયના બજેટ વિભાગ મુજબ, એક મહિના લાંબી ચાલેલી આ ચર્ચા ૧૦ નવેમ્બરના રોજ સહકાર મંત્રાલય, કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ, કૃષિ સંશોધન અને શિક્ષણ વિભાગ, માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય, રેલ્વે મંત્રાલય અને પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય સાથે મળીને બેઠકો પૂરી કરવામાં આવશે. બજેટ-પૂર્વ બેઠકો પછી ૨૦૨૩-૨૪ માટેના અંદાજપત્રને કામચલાઉ રીતે અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. આ બેઠકો એવા સમયે યોજાવા જઈ રહી છે જ્યારે ભારતીય રિઝર્વ બેંક અને વિશ્વ બેંક જેવી અનેક સંસ્થાઓએ ભારતના વિકાસ દરના અંદાજને ઘટાડીને અનુક્રમે ૭ ટકા અને ૬.૫ ટકા કરવામાં આવ્યો છે.

આ નરેન્દ્ર મોદી ૨.૦ સરકાર અને નાણામંત્રી નિર્મલા સીતારમણનું આ પાંચમું બજેટ હશે. એપ્રિલ-મે ૨૦૨૪માં યોજાનારી સામાન્ય ચૂંટણી પહેલા આ છેલ્લું પૂર્ણ બજેટ હશે. ચૂંટણીના વર્ષમાં સરકાર મર્યાદિત સમયગાળા માટે વોટ ઓન એકાઉન્ટ ઓફર કરે છે. ત્યાર બાદ જુલાઈમાં બજેટ રજૂ થાય છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેનું બજેટ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ રજૂ થવાની સંભાવના છે.

## કેજરીવાલ સરકારના મંત્રી રાજેન્દ્ર ગૌતમનું રાજીનામું

### હવે ખુલીને સમાજ સેવા કરીશ : રાજેન્દ્ર ગૌતમ

નવી દિલ્હી, તા.૯

કેજરીવાલ સરકારના મંત્રી રાજેન્દ્ર પાલ ગૌતમે રવિવારે પદ પરથી રાજીનામું આપી દીધું છે. તે હાલમાં જ દેવી-દેવતાઓ પરના પોતાના નિવેદનને લઈને ચર્ચામાં આવ્યા હતા, જેના પછી ઘણો હંગામો થયો હતો. રાજીનામાનો પત્ર ટ્વીટ કરીને તેમણે લખ્યું કે, 'આજે મહર્ષિ વાલ્મીકિજીનો પ્રાગટ્ય દિવસ છે અને બીજી તરફ માન્યાવર કાંશીરામ સાહેબની પુણ્યતિથિ પણ છે. આવા સંયોગમાં આજે હું અનેક બંધનોમાંથી મુક્ત થયો છું અને આજે મારો નવો જન્મ થયો છે. હવે હું સમાજ પરના અધિકારો અને અત્યાચારની લડાઈ કોઈપણ બંધન વિના વધુ મક્કમતાથી ચાલુ રાખીશ.'

જણાવી દઈએ કે, રાજેન્દ્ર પાલ ગૌતમે ધર્મ પરિવર્તન કાર્યક્રમમાં ભાગ લીધો હતો. જ્યાં તેમણે બૌદ્ધ ધમ્મની બાબા સાહેબે લીધેલી ૨૨ પ્રતિજ્ઞાઓ હજારોની સંખ્યામાં ઉપસ્થિત લોકોને લેવડાવી હતી. જે બાદ ભારે હોબાળો થયો હતો. સૂત્રોએ દાવો કર્યો છે કે, સીએમ અરવિંદ કેજરીવાલ રાજેન્દ્ર ગૌતમથી ખૂબ નારાજ હતા. ભાજપે આમ આદમી પાર્ટી પર હિંદુ ભાવનાઓને ઠેસ પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો. સોશિયલ મીડિયમાં આવો પણ દાવો




કરવામાં આવી રહ્યો છે કે, આ બાબા સાહેબ ડો. આંબેડકરે જ્યારે હિન્દુ ધર્મ છોડીને બૌદ્ધ ધમ્મ અંગીકાર કર્યો હતો, ત્યારે આ શપથ તેમણે લેવડાવી હતી. આમ, રાજેન્દ્ર ગૌતમ દ્વારા લેવડાવવામાં આવેલી શપથ, તેમની નહીં પરંતુ બાબા સાહેબે લીધેલી પ્રતિજ્ઞાઓ છે.

## દિલ્હીમાં કન્સ્ટ્રક્શન સાઈટના ટાવર પરથી પડતા બેના મોત

### ઘાયલોને સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

નવી દિલ્હી, તા.૯

બે દિવસથી વરસાદ પડી રહ્યો છે. આ દરમિયાન ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટના




ટર્મિનલ-૧ પાસે શનિવારે રાત્રે એક અકસ્માત સર્જાયો હતો. ટર્મિનલ-૧ પાસે કન્સ્ટ્રક્શન સાઈટ પર કામ કરી રહેલા બે મજૂરો ઊંચાઈ પરથી પડી જતાં મોત થયું હતું, જ્યારે છ કામદારો ઘાયલ થયા હતા. તમામ ઘાયલ મજૂરોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. દિલ્હી પોલીસે આ મામલે બેદરકારી અને જીવને જોખમમાં મૂકવા બદલ આઈપીસીની કલમ ૩૩૭/૩૦૪છ હેઠળ એફઆઈઆર નોંધી છે. આ મામલે વધુ તપાસ ચાલુ છે. દિલ્હી પોલીસના જણાવ્યા મુજબ આ અકસ્માત શનિવારે રાત્રે થયો હતો. પોલીસને રાત્રે લગભગ ૧૦ વાગ્યે માહિતી મળી હતી કે ટર્મિનલ-૧ પાસે બાંધકામના કામ દરમિયાન કેટલાક કામદારો ઊંચાઈ પરથી પડી જવાથી ઘાયલ થયા હતા. પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ઘાયલોને સફદરજંગ હોસ્પિટલમાં દાખલ કર્યા.

હોસ્પિટલ તરફથી જણાવવામાં આવ્યું હતું કે, એક મજૂર વિકાસ પુત્ર કેશવ રામ ઉંમર ૩૦ વર્ષનું મૃત્યુ થયું હતું, જ્યારે

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં ૧૧ રાજ્યોમાં હજુય ભારે વરસાદની આગાહી

### આગામી 3 દિવસ માટે એલર્ટ : વરસાદને કારણે રાષ્ટ્રીય રાજધાનીના કેટલાક ભાગોમાં પાણી ભરાવા અને ટ્રાફિક જામથી લોકોની મુશ્કેલી વધી

નવી દિલ્હી, તા.૯

હજુ ઓક્ટોબર મહિનામાં પણ મેઘરાજા દેશના અનેક રાજયોને ધમરોળશે. દેશના અનેક રાજ્યોમાં છેલ્લા બે દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે. હવે હવામાન વિભાગે ૧૧ રાજ્યોમાં વરસાદનું એલર્ટ આપ્યું છે. આગામી ત્રણ દિવસ આવો જ વરસાદ રહેવાનો અંદાજ છે. IMD વેધર અનુસાર, નોરુ વાવાઝોડાને કારણે આ વર્ષે ચોમાસા દરમિયાન ઘણા રાજ્યોમાં વરસાદ થયો નથી. હવે છેલ્લા ઘણા દિવસોથી દેશના અનેક ભાગોમાં વરસાદ જેવી સ્થિતિ છે.

ભારતીય હવામાન વિભાગ (IMD)એ આગામી થોડા દિવસોમાં જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી-દ્રઝઇ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, ઓડિશા, પશ્ચિમ બંગાળ અને ઝારખંડના કેટલાક વિસ્તારોમાં વરસાદની આગાહી કરી છે. IMDએ આજે સિક્કિમ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, આસામ, પશ્ચિમ બંગાળ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ, પોંડીચેરી અને કેરળમાં વાવાઝોડાની આગાહી કરી છે. દિલ્હીમાં અવિરત વરસાદને કારણે તાપમાનમાં પણ ઘટાડો નોંધાયો હતો.

## ગૃહમંત્રી અમિત શાહે કામાખ્યા દેવીના દર્શન કર્યા

### ગૃહમંત્રી અમિત શાહ ૧૦ મિનિટથી વધુ મંદિરની અંદર રહ્યા અને બહાર આવ્યા પછી પરિક્રમા પણ કરી હતી

નવી દિલ્હી, તા.૯

ગૃહમંત્રી અમિત શાહ મિશન નોર્થ ઈસ્ટ માટે ત્રણ દિવસના પ્રવાસે છે. આજે તેમના પ્રવાસનો છેલ્લો દિવસ છે. તેમણે પ્રસિદ્ધ કામાખ્યા દેવી મંદિરમાં પ્રાર્થના કરી, જે નીલાચલ પહાડી ક્ષેત્રમાં સ્થિત ૫૧ શક્તિપીઠોમાંથી એક છે. તેમની સાથે સીએમ હિમંતા બિસ્વા સરમા અને જળ સંસાધન મંત્રી પીયૂષ હજારિકા રાજ્યના ગેસ્ટ હાઉસથી મંદિર પહોંચ્યા હતા. અગાઉ શાહ જમ્મુ-કાશ્મીરના પ્રવાસે હતા. અહીં તેમણે રાજૌરી અને બારામુલ્લામાં લોકોને સંબોધિત કર્યા.

અમિત શાહ અને શર્મા મંદિરના ગર્ભગૃહમાં પહોંચ્યા જ્યાં તેઓએ પૂજા કરી હતી. ગૃહમંત્રી ૧૦ મિનિટથી વધુ



મંદિરની અંદર રહ્યા અને બહાર આવ્યા પછી પરિક્રમા કરી હતી. કામાખ્યા મંદિરના વરિષ્ઠ પૂજારીઓ અને પદાધિકારીઓએ તેમનું મંદિરમાં સ્વાગત કર્યુ હતું. કેન્દ્રીય ગૃહ પ્રધાને મંદિરમાં હાજર ભક્તોનું અભિવાદન કર્યુ અને પછી આસામ વહીવટી સ્ટાફ કોલેજ માટે રવાના થયા.